મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા
પંચમહાલ સમાચાર

## ગોધરા રેન્જ સાયબર ક્રાઈમ પોલીસ દ્વારા વીરપુર (રતનપુર)ની ફરિયાદ સાથે

# વિમા કંપનીમાં બંધ પોલીસીના નાણાં પરત આપવાના બહાને કરેલ છેતરપિંડીના આરોપીને ઝડપ્યા

ગોધરા,
મહિસાગર વીરપુર તાલુકાના રતનપુર ગામ રહેતા ફરિયાદીને બંધ પડેલ અલગ-અલગ વીમા કંપનીઓની પોલીસીઓમાં રોકાણ કરેલ નાણાં પરત આપવાની વાત કરી. તેમજ ઉંચા વળતરની લાલચ આપી પ્રોસેસ ફીના નામે અલગ-અલગ એકાઉન્ટોમાં ૪૪,૭૫,૧૭૮/-રૂપીયા ઓનલાઈન ટ્રાન્સફર કરાવી ચીટીંગ કરવાના કિસ્સામાં ગોધરા રેન્જ સાયબર ક્રાઈમમાં ફરિયાદ નોંધાઈ હતી. ફરિયાદના આધારે સાયબર ક્રાઈમે બિહાર તથા (યુ.પી.)ના ગેંગના ૪ આરોપીઓની ધરપકડ કરી ૧૦,૦૦,૦૦૦/-રૂપીયા રીકવર કરવામાં આવ્યા.






વિસ્તૃત વિગતો પ્રમાણે બિહાર તથા (યુ.પી.) ગેંગ દ્વારા નોઈડા સેકટર-૬૩ ખાતે ઓફિસ ભાડે રાખીને જસ્ટ ડાયલ કેશ વેલ્ડર પાસેથી વીમા પોલીસી લીધેલ ગ્રાહકોના કેશ મેળવી આ કેશના આધારે જે ગ્રાહકોની પોલીસી બંધ થઈ ગયેલ હોય તેવા ગ્રાહકોને વોઈસ ચેન્જર મોબાઈલ ફોનનો ઉપયોગ અને યુવતિ અને યુવકના અવાજમાં અલગ-અલગ વીમા કંપનીના જે કંપનીની વીમા પોલીસી હોય તે કંપની માંથી મેનેજર કે એકાઉન્ટ બોલું છું. તેમ વિશ્વાસમાં લેતા હતા. બિહાર (યુ.પી.) ગેંગ દ્વારા મહિસાગર જીલ્લાના વિરપુર તાલુકાના રતનપુર ગામે રહેતા નિવૃત શિક્ષક રમણલાલ ધુળાભાઈ પટેલ એ ટાટા લાઈફ ઈન્સ્યોરન્સ માંથી ૧,૯૫,૦૦૦/- રૂપીયાની પોલીસી લીધેલ હોય જેનું બોનસ આપવા આરોપીઓ મોબાઈલ થી ફોન કરી સંપર્ક કર્યો હતો અને વિવિધ વીમા પોલીસ કંપની માંથી ૩૨ વીમા પોલીસીઓમાં રમણલાલ ધુળાભાઈ પટેલ પાસેથી ૨૮,૯૭,૬૮૪/-રૂપીયાનું રોકાણ કરાવ્યું હતું. અને કાવતરું રચી નાણાં પરત અપાવવાના બહાને વિશ્વાસમાં લઈ અલગ-અલગ ચાર્જીસના નામે વધુ વળતર આપવાની લાલચ આપી ફરિયાદીને અલગ-અલગ બેંક એકાઉન્ટ નંબરો મોકલી આપી ૧૫ જેટલા અલગ-અલગ બેંક એકાઉન્ટમાં કુલ ૪૪,૭૫,૧૭૮/-રૂપીયા ઓનલાઈન તથા બેંક સ્લીપ થી ટ્રાન્સફર કરાવડાવી આર્થિક નુકશાન કરી છેતરપિંડી તથા વિશ્વાસઘાતની ફરિયાદ ગોધરા રેન્જ સાયબર ક્રાઈમમાં નોંધાવા પામી હતી. ફરિયાદીના આધારે સાયચબર ક્રાઈમ દ્વારા ઉંડાણ પૂર્વક એનાલીસીસ કરી આરોપીઓ દિલ્હી તથા નોઈડા (યુ.પી.) ખાતે રહેતા હોવાનું જણાઈ આવતાં સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનના પી.આઈ. જે.એન.પરમાર તથા પોલીસ સ્ટાફની ટીમ બનાવી ગાજીયાબાદ (યુ.પી.) ખાતે પહોંચી હતી અને આરોપીઓ સચીનકુમાર તારાચંદ (પ્રાઈવેટ લાઈફ ઈન્સ્યોરન્સ જે ૧૪૬ ગોવિંદપુરમ ગાજીયાબાદ (યુ.પી.), દાનીશ શાબ રફફન ખા (પ્રાઈવેટ લાઈફ ઈન્સ્યોરન્સ) રહે. નોઈડા સેકટર-૬૬, સંકેતકુમાર જીતેન્દ્રસિંહ રહે.એન.૫૬,શ્યામનગર વિષ્ણુ ગાર્ડન ન્યુ દિલ્હી મૂળ-બિહાર, સચીન જે.ભગવાન રહે. ૩૩૬૭ ફસ્ટ ફ્લોર આર્યપુરા ન્યુ દિલ્હી-૭ (યુ.પી.)ને ઝડપી પાડવામાં આવ્યા હતા. પકડાયેલ આરોપીઓ પાસેથી રેન્જ સાયબર ક્રાઈમ પોલીસ ૧૦,૦૦,૦૦૦/- લાખ રૂપીયા રોકડા રીકવર કરવામાં આવ્યા. જ્યારે ગુન્હામાં વપરાયેલ લેપટોપ-૧ તથા મોબાઈલ ફોનબ-૮ જપ્ત કરવામાં આવ્યા. સાયબર ક્રાઈમ દ્વારા પકડવામાં આવેલ આરોપીઓ અન્ય ગુન્હાઓ આચરેલ છે. તે દિશામાં તપાસ ચલાવી રહી છે.

## મહીસાગર જિલ્લા વિકાસ સંકલન અને દેખરેખ નિયંત્રણ કમીટીની બેઠક સાંસદ જસવંતસિંહ ભાભોરના અધ્યક્ષ સ્થાને યોજાઇ

લુણાવાડા,
મહીસાગર જિલ્લા વિકાસ સંકલન અને દેખરેખ નિયંત્રણ કમીટીની બેઠક સાંસદ જસવંતસિંહ ભાભોરના અધ્યક્ષ સ્થાને તેમજ સાંસદ રતનસિંહ રાઠોડના સહ અધ્યક્ષપણા હેઠળ અને ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ, વૈધાનિક અને સંસદીય બાબતોના મંત્રી કુબેરભાઈ ડિંડોર, આદિજાતિ વિકાસ, આરોગ્ય અને પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણમંત્રી નિમિષાબેન સુથાર, જિલ્લા પંચાયત પ્રમુખ રમીલાબેન ડામોર, ધારાસભ્ય જીગ્નેશભાઈ સેવક તથા જિલ્લા કલેક્ટર ડો. મનીષકુમાર તેમજ જિલ્લા વિકાસ અધિકારી કે. ડી. લાખાણીની ઉપસ્થિતિમાં જિલ્લાના અમલીકરણ અધિકારીઓ સાથે કલેક્ટર કચેરીના સભાખંડમાં બેઠક યોજાય હતી.


તસ્વીર : ધ્રુવ દરજી, લુણાવાડા

આ બેઠકમાં અદયક્ષ જસવંતસિંહ ભાભોરે જણાવ્યું હતું કે, રાષ્ટ્રીય સામાજીક સહાય કાર્યક્રમ હેઠળ ઈન્દીરા ગાંધી રાષ્ટ્રીય વૃધ્ધ પેન્શન યોજના અંતર્ગત ૩૬૫૧૧ લાભાર્થીઓને રૂા.૨.૭૫ કરોડ ઉપરાંતની સહાય, નિરાધાર વૃધ્ધ સહાય યોજના (અંત્યોદય)યોજના અંતર્ગત ૧૮૮૨ લાભાર્થીઓને રૂા.૧૪.૪૩ લાખ ઉપરાંતની સહાય, ગંગા સ્વરૂપા આર્થીક સહાય યોજનામાં ૧૭૮૫૭ લાભાર્થીઓને રૂા.૨.૩૭ કરોડ ઉપરાંતની સહાય, રાષ્ટ્રીય કુટુંબ સહાય યોજનામાં ૩૭ લાભાર્થીને રૂા.૭.૪૦ લાખ ઉપરાતની સહાય, ઈન્દીરાગાંધી ડીસ એબીલીટી પેન્સન સ્કીમમાં ૮૯૧ લાભાર્થીઓને રૂા.૨૫.૩૬ લાખની સહાય તેમજ જિલ્લા ગ્રામ વિકાસ યોજના અંતર્ગત પ્રધાનમંત્રી આવાસ યોજનામાં વર્ષ-૨૦૧૬-૧૭-૧૮માં ૪૫૧૬ લાભાર્થીને રૂા.૪૯૮૦.૯૦ લાખની સહાય તથા આ યોજનામાં વર્ષ ૨૦૧૯-૨૦ માં ૧૩૦૪ લાભાર્થીઓને રૂા.૧૧૦૯.૯૦ લાખની સહાય, મનરેગા યોજના હેઠળ ૧૯૪૮૫૭૩ લાભાર્થીઓને ૪૦૧૭.૬ લાખની સહાય, પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના, સ્વચ્છ ભારત મિશન, આત્મા યોજના, પ્રધાનમંત્રી ફસલ વીમા યોજના, ડખઉંઅઢ યોજના, શિક્ષણ, આરોગ્ય, પ્રધાનમંત્રી ઉજ્જ્વલા યોજના, પ્રધાનમંત્રી ખનીજ ક્ષેત્રે કલ્યાણ યોજના, સંકલીત બાળ વિકાસ યોજના, રોજગાર અને કૌશલ્ય વર્ધન યોજના તેમજ નાગરીકોને સ્પર્શતી યોજનાઓ હેઠળ થયેલા કામોની વિસ્તૃત ચર્ચા વિચારણા તેમજ સમીક્ષા કરી જરૂરી સલાહ સુચનો અને માર્ગદર્શન આપ્યું હતું. તેમજ કામગીરી સમય મર્યાદામાં પુર્ણ કરવા હાકલ કરી હતી.

આ બેઠકમાં સાંસદ પંચમહાલ અને મંત્રી ધારાસભ્યઓએ રજુ કરેલ પ્રશ્નોનો કલેક્ટરની નિગરાની હેઠળ સંતોષકારક જવાબો આપી કામગીરી સમય મર્યાદામાં પુર્ણ કરવાની ખાત્રી આપવામાં આવી હતી. આ બેઠકનું સંચાલન જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના ઇનચાર્જ નિયામક પાટીદારે કર્યુ હતું.

આ બેઠકમાં અધિક નિવાસી કલેક્ટર આઈ. એ. સુથાર જિલ્લા વિકાસ સંકલન અને દેખરેખ નિયંત્રણ કમીટીના સભ્યઓ તેમજ સબંધિત વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## કડાણા તાલુકાના દિવડા ખાતે રાજ્ય કક્ષાના મંત્રીઓનો આદિવાસી સમાજ દ્વારા સત્કાર સમારંભ યોજાયો

કડાણા,
કડાણા તાલુકાના દીવડા કોલોની સિંચાઈ મેદાન ખાતે સંતરામપુર-કડાણા તાલુકાના આદિવાસી સમાજ દ્વારા પૂર્વ કેન્દ્ર અને રાજ્ય સરકારના મંત્રી અને દાહોદ સાંસદ જસવંતસિંહ ભાભોરના મુખ્યમહેમાન પદે રાજ્ય કક્ષાના મંત્રીઓનો સત્કાર સમારંભ યોજાયો.




નવ નિયુક્ત મંત્રી મંડળમાં મહીસાગર જિલ્લાના સ્થાન પામેલ રાજયકક્ષાના મંત્રીઓ આદિજાતિ વિકાસ, આરોગ્ય અને પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ રાજ્ય મંત્રી નિમિષાબેન સુથાર અને ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ, વૈધાનિક અને સંસદીય બાબતોના રાજ્ય કક્ષાના મંત્રી કુબેરભાઈ ડિંડોરનું આદિવાસી સમાજના અગ્રણીઓ દ્વારા પરંપરાગત રીતે બંડી, કોટી, સાફો, તીરકામઠાથી ઉમળકાભેર સ્વાગત કરવામાં આવ્યું હતું. મંત્રી નિમીષાબેનના પરીવારજનો દ્વારા વિશેષ સ્વાગત અને આશીર્વાદ સમયે ભાવુક દ્રશ્યો સર્જાયા હતા.

પ્રાસંગીક ઉદ્દબોધનમાં ઉપસ્થિત મહાનુભાવોએ વર્તમાન સરકારમાં આ વિસ્તારના આદિવાસી સમાજને મળેલ પ્રાધાન્યને બિરદાવી સરકારની વિવિધ આદિજાતી કલ્યાણલક્ષી યોજનાઓની વિસ્તારથી માહિતી પુરી પાડી હતી. મંત્રીઓએ આગામી સમયમાં મળેલ સેવાની આ તકનો ભરપુર ઉપયોગ કરી લોકસેવા અંગે કટીબધ્ધતા વ્યક્ત કરી હતી.

આ અવસરે જિલ્લા પંચાયત પ્રમુખ રમીલાબેન ડામોર, જિલ્લા ભાજપ પ્રમુખ દશરથભાઈ બારીયા, અગ્રણી એસ. એમ ખાંટ, જી. એમ.વાગડીયા, કડાણા તાલુકા પંચાયતના પ્રમુખ કમલેશભાઈ પાદરીયા, સંતરામપુર તાલુકા પંચાયત પ્રમુખ શારદાબેન તથા જિલ્લા તથા તાલુકાના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## જિલ્લા કલેકટર ડો.મનીષકુમાર સહિત જિલ્લાના ઉચ્ચ અધિકારીઆ-કર્મચારીઓ અને મહીસાગરના નાગરિકોએ રાષ્ટ્રીય એકતાના શપથ ગ્રહણ કર્યા

લુણાવાડા,
૩૧ ઓકટોબરે લોહ પુરૂષ સ્વ. સરદાર વલ્લભભાઇ પટેલની જન્મજયંતિ છે. આ દિવસને રાષ્ટ્રીય એકતા દિવસ તરીકે ઉજવવામાં આવે છે. એકતા દિવસ નિમિત્તે દેશની એક્તા, અખંડતા અને સુરક્ષાને જાળવી રાખવા આંતરિક સુરક્ષામાં સ્વયોગદાન આપવાની શપથ લેવામાં આવે છે. તે અંતર્ગત વૈશ્વિક મહામારી કોરોનાના સમયમાં માસ્ક, સોશિયલ ડિસ્ટન્સીંગના પાલન સાથે મહીસાગર જિલ્લાના વડા મથક લુણાવાડા ખાતે જિલ્લા સેવા સદનમાં જિલ્લા કલેકટર ડો. મનીષ કુમાર સહિત જિલ્લાના તમામ ઉચ્ચ અધિકારીઓ અને કર્મચારીઓ સહિત જિલ્લા-તાલુકાની તમામ સરકારી કચેરીઓમાં અધિકારીઓ અને કર્મચારીઓએ શપથ ગ્રહણ કર્યા હતા.


તસ્વીર : ધ્રુવ દરજી, લુણાવાડા

રાષ્ટ્રીય એકતા દિવસ નિમિતે હું સત્યનિષ્ઠા સાથે શપથ લઉં છું કે હું રાષ્ટ્રની એકતા, અખંડતા અને સુરક્ષા જાળવી રાખવા માટે સ્વયંને સમર્પિત કરીશ અને મારાં દેશવાસીઓમાં પણ આ સંદેશ ફેલાવવાનો પૂરો પ્રયત્ન કરીશ. હું આ શપથ મારા દેશની એકતાની ભાવનાથી લઈ રહ્યો છું જે સરદાર વલ્લભભાઈ પટેલની દૂરંદેશી અને કાર્યો થકી સંભવ બની છે. હું મારા દેશની આંતરિક સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે મારૂં પોતાનું યોગદાન આપવા માટે પણ સત્યનિષ્ઠા સાથે શપથ લઉં છું. સમગ્ર જિલ્લા-તાલુકાના અધિકારીઓ-કમર્ચારીઓ સહિત નાગરિકોએ શપથ ગ્રહણ કરી રાષ્ટ્રીય એકતાને સુદ્રઢ બનાવવા પ્રતિબદ્ધતા વ્યકત કરી હતી.

## સંતરામપુરની નરસિંગપુર મુખ્ય પ્રાથમિક શાળામાં સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતી નિમિત્તે વકતૃત્વ સ્પર્ધા યોજાઈ


તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

સંતરામપુર,
મહીસાગર જિલ્લાની સંતરામપુર તાલુકાની પાદરી ફળીયા કલસ્ટરની મને ગમતી શાળા, નરસિંગપુર મુખ્ય પ્રાથમિક શાળામાં ધોરણ ૬ થી ૮ ના બાળકો માટે સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતી નિમિત્તે વકતૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ. બાળકોમાં જિજ્ઞાસાવૃત્તિ સંતોષાય, બાળકો આપણાં દેશ નેતાઓ વિશે જાણે એમના જીવનથી પરિચિત થાય અને પોતે એવું જીવન જીવતા થાય તે હેતુથી શાળાના બાળકો માટે આ વકતૃત્વ સ્પર્ધાનું આયોજન કરેલ. શાળાના આચાર્ય લખમણભાઈ ખરાડીએ સરદાર વલ્લભભાઈ પટેલનો આઝાદીમાં ફાળો અને આ.શિ.રમેશભાઈ ચૌહાણ દ્વારા સ્ટેચ્યુ ઓફ યુનિટી વિશે બાળકોએ માહિતગાર કરેલ. ધોરણ ૬ થી ૮ના ૧૨ જેટલા બાળકોએ સરદાર વલ્લભભાઈ પટેલ વિશે પોતાના મૌલિક વિચારો ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી ભાષામાં વક્તવ્ય દ્વારા રજૂ કરેલ. આજના પ્રસંગે સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાને ફૂલ હાર ચડાવીને એમને આજના દિવસે ખૂબ ખૂબ યાદ કરી પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી.

## ગોધરા શામળાજી કોલેજમાં ૧૧૩ ડોકટરોને પદવી એનાયત કરવામાં આવી



ગોધરા,
ગોધરા શામળાજી હોમીઓપેથી કોલેજ ખાતે ૨૯માં પદવીદાન-દિક્ષાન્ત સમારંભ યોજાયો હતો.આ કાર્યક્રમમાં ૧૧૩ ડોક્ટરોને ડિગ્રી એનાયત કરવામાં આવી હતી આ પ્રસંગે ઉપસ્થિત ૧૧૩ ડોક્ટરોને નરેન્દ્રભાઈ સોનીએ પોતાના વક્તવ્યમાં જણાવ્યું હતું કે ડોક્ટરીનો વ્યવસાય સેવા અને સમર્પણના ભાવ સાથે સંકળાયેલો છે, દરિદ્ર નારાયણની સેવા કરવાનો સુંદરમાં સુંદર અવસર મળતો હોય છે. ભગવાન પછીનું બિરૂદ ડોકટરોને મળતું હોય છે, પેશન્ટો ડોકરરોમાં વિશ્વાસ વ્યક્ત કરતાં હોય છે તેઓનો વિશ્વાસ જળવાઈ રહે તે પ્રકારની સેવા અને દવા કરવા માટે ઉપસ્થિત સૌને જણાવ્યું હતું. આ સાથે તેઓએ જણાવ્યું હતું કે, તમારા હોસ્પિટલમાં કોઈ પણ ગરીબ દર્દી આવે એની પાસે પૈસા ના હોય તો પણ તેઓએ દવા કરવાનો અવસર જવા દેતા નહીં કારણ એ તમને કશુંના આપી શકે પણ દુઆ જરૂર આપીને જશે અને એજ દુઆ તમને સૌને તમારી મંઝિલ સુધી લઈ જવામાં મદદરૂપ થશે અને જો દરિદ્ર નારાયણની સેવા કરશો તો ભગવાન નારાયણની સાથે લક્ષ્મીજી હોય છે, તેથી એકલા લક્ષ્મીજી પાછળ ભાગતા નહિ તેવી માર્મિક ટકોર કરી હતી. આમ તેઓએ પદવીદાન સમારંભની અંદર ડોક્ટરોને દર્દીઓને વ્યવસ્થિત રીતે સેવા ભાવથી કાર્ય કરવા માટેની અપીલ કરી હતી.

આ સમારોહમાં ગોધરા જિલ્લા પંચાયતના પ્રમુખ કામિનીબેન સોલંકી, દાહોદ જિલ્લા ભાજપના મહામંત્રી તેમજ ગોવિંદ ગુરૂ યુનિવર્સિટીના એક્સ્યુકેટિવ કાઉન્સિલ મેમ્બર નરેન્દ્રભાઈ સોની, સંસ્થાના પ્રમુખ વિશાલભાઈ સોની, ડો.માલવ રાઉલજી, ડો.ભાવસાર વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

## શહેરાના અણીયાદ ગામે નવિન ગ્રામ પંચાયતનું લોકાપર્ણ કરાયું

શહેરા,
શહેરા તાલુકાના અણીયાદ ગામ ખાતે રૂપિયા ૧૭ લાખ ૫૦ હજારના ખર્ચે નવિન બનેલ ગ્રામ પંચાયત નું લોકાર્પણ સરપંચ ઘનશ્યામ ભરવાડ ના વરદ હસ્તે ગ્રામજનોની ઉપસ્થિતિમાં કરાયું હતું. નવીન ગ્રામ પંચાયતના લોકાર્પણ કાર્યક્રમમાં ઇન્ચાર્જ તાલુકા વિકાસ અધિકારી સહિત સ્થાનિક ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.


તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા તાલુકાના અણીયાદ ગામ ખાતે ૧૭.૫૦ લાખના ખર્ચે ગ્રામ પંચાયત ઘર તૈયાર થઇ જતા રવિવારના રોજ લોકાર્પણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. ગ્રામ પંચાયતના નવીન મકાનના લોકાર્પણ પ્રસંગે ઉપસ્થિત તાલુકા પંચાયતના પ્રમુખ રયજી ભાઈ નાયક, ઉપ-પ્રમુખ ભારત સોલંકી, તાલુકા ભાજપ ઉપપ્રમુખ ભૂપતસિંહ પટેલ, મહામંત્રી સંજય બારીયા, કિરીટ બારીયા, દિલીપભાઈ મહેરા, તાલુકા પંચાયતના ઈન્ચાર્જ તાલુકા વિકાસ અધિકારી જયદીપસિંહ સોલંકી તેમજ મદદનીશ તાલુકા વિકાસ અધિકારી કિરણ સોલંકી, ભાજપ અગ્રણી તરસંગ ગામના દિલીપ સોલંકી અને તાલુકા ભાજપ પ્રમુખ ઉપસ્થિતિમાં ગ્રામ પંચાયતના સરપંચ ઘનશ્યામભાઈ ભરવાડના વરદ હસ્તે રીબીન કાપીને નવીન ગ્રામ પંચાયત ઘર સ્થાનિક ગ્રામજનો માટે ખુલ્લુ મુકવામાં આવ્યું હતું. રાજ્ય સરકાર દ્વારા ફાળવવામાં આવેલી ગ્રાન્ટ માંથી નવિન બનેલ ગ્રામ પંચાયત ઘર વિવિધ સુવિધાથી સજજ હોવાથી ગ્રામજનોમાં ભારે ખૂશીની લહેર છવાઈ હતી. આ લોકાર્પણ પ્રસંગે તાલુકા પંચાયત કચેરી તેમજ આર.એમ.બી વિભાગ અને સંબંધિત કચેરીના અધિકારીઓ, પ્રાથમિક શિક્ષણ વિભાગ તેમજ મોટી સંખ્યામાં ભાજપના અગ્રણીઓ અને સ્થાનિક ગ્રામજનો ઉપસ્થિત રહયા હતા.

## રામનાથ પ્રાથમિક શાળાના મુખ્ય શિક્ષકનો વિદાય સમારંભ યોજાયો

કાલોલ,
પંચમહાલ જિલ્લાના કાલોલ તાલુકાનાં રામનાથ ગામની પ્રાથમિક શાળામાં મુખ્ય શિક્ષક તરીકે ફરજ બજાવતા ડાહ્યાભાઈ ધનાભાઈ જાદવ વયમર્યાદાને કારણે નિવૃત્ત થતાં હોય તેમનો નિવૃત્તિ વિદાય સમારોહ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી ડો. વી.એમ. પટેલ ના અધ્યક્ષ સ્થાને યોજાયો હતો. શાળાનાં શિક્ષક ભૂપેન્દ્રભાઈ પટેલ એ ડાહ્યાભાઈની શિક્ષક તરીકેની ૩૮ વર્ષ સુધી વિવિધ શાળાઓમાં બજાવેલ ફરજની ઝાંખી વર્ણવી હતી. સાથે જ તેમણે નિવૃત્તિકાળ સુધી આ શાળા પ્રત્યેનાં તેમનાં લગાવ અને નિષ્ઠાભરી ફરજને બિરદાવી હતી. શાળાની ઉપ શિક્ષીકાબેન મનીષાબેન પટેલ એ સન્માનપત્ર વાંચી સંભળાવ્યું હતું.કાલોલ તાલુકામાં અલગ અલગ શાળાઓમાં ફરજ બજાવ્યા બાદ ડાહ્યાભાઈ વર્ષ ૨૦૧૩ થી રામનાથ પ્રાથમિક શાળામાં મુખ્ય શિક્ષક તરીકે કાર્યરત રહી શિક્ષણની ધૂણી ધખાવી હતી. આજે યોજાયેલા તેમના વિદાય સમારંભમાં બીટ


તસ્વીર : જયવીર સોલંકી, કાલોલ

નિરીક્ષક ગૌરાંગ જોશી, બીઆરસી કો.ઓ. દિનેશભાઈ પરમાર,ગામના સરપંચ નિરવભાઈ પટેલ ઉપરાંત કેન્દ્ર શાળા અને આજુબાજુની શાળાના શિક્ષકો અને ગ્રામજનોએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી તેમને ભારે હૈયે વિદાય આપી હતી. સૌએ તેમનું નિવૃત્તિ બાદનું જીવન સુખદાયી અને પ્રવૃત્તિમય રહે તેવી શુભેચ્છા પાઠવી હતી. ડો. વી.એમ.પટેલએ આ પ્રસંગે પ્રાસંગિક ઉદબોધન કરતાં જણાવ્યુ હતું કે સૌથી વધુ જવાબદારી ભરી નોકરી હોય તો તે શિક્ષકની છે. તે ક્યારેય નિવૃત્ત નથી થતો પરંતુ નિવૃત્તિ બાદ પણ તે પોતાનું શિક્ષણ અને સમાજ સાથે જોડાય તે પોતાની બાકીની જીદંગી પ્રવૃતિમય બનાવતો હોય છે. તેમણે ડાહ્યાભાઈને આગામી જીવન સુખ અને શાંતિ આપનારૂં નીવડે એવી શુભેચ્છા પાઠવી હતી.ડાહ્યાભાઈએ શાળા ને ૧૫૦૦૦ રૂપિયા નુંદાન આપ્યું. અને દેલોલ તેમજ સુરેલી પગારકેન્દ્ર ની તમામ શાળા ઓ માં પાણી ના જગ સ્મૃતિ રૂપે ભેટ આપ્યા હતા.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર
પંચમહાલ સમાચાર

# ફતેપુરા તાલુકા ના આરોગ્ય કર્મચારીઓ ત્રણ મહિના થી પગાર વિહોણા

ફતેપુરા,

ફતેપુરા તાલુકાના સામૂહિક આરોગ્ય કેન્દ્ર માં ફરજ બજાવતા કર્મચારીઓનો ત્રણ મહિના થી પગાર ચૂકવવામાં આવ્યો જ નથી. એક તરફ વિકરાળ મોઘવારી મોફાડી ને વધતી જાય છે. ત્યારે બીજી તરફ મહેનત કરીને માંડ સાત આઠ હજાર મહિને પગાર મળે છે અને ઘરનું ગુજરાન ચલવે છે. ત્યારે ફતેપુરા તાલુકાના આરોગ્ય વિભાગના કર્મચારી ચોથા વર્ગના કોન્ટ્રાકટર બેઈઝ કર્મચારીઓના છેલ્લા ત્રણ ચાર મહિના થી પગાર ચૂકવવામાં આવ્યો જ નથી.

એક બાજુ તહેવારો ચાલી રહ્યા છે અને નિષ્ક્રિય તંત્રની ગંભીર બેદરકારીના કારણે ત્રણ ચાર મહિના થી પગાર અટકી જતા આરોગ્ય વિભાગના કર્મચારીઓની હાલત કફોડી બની છે. કર્મચારીઓનું ઘર ગુજરાન ચલાવવા માટે વ્યાજે ઉછીના રૂપિયા લાવવા મજબૂર બન્યા છે. દિવસ અને રાત્રી બંને પાળીમાં કામ કરવા છતાં સરકાર પાસે જેને કોન્ટ્રાક્ટ લીધો હોય તે એજન્સી પૂરતા નાણાં પણ આપતી નથી. હવે ચોથા વર્ગના કર્મચારી ત્રણ ચાર મહિના થી પગાર થી વંચિત હોય અને દિવાળીના ગણતરીના દિવસો બાકી છે અને દિવાળી ઉજવવા પગાર થશે કે, ભૂખમરાની હોળીના ખપ્પરમાં હોમવાનું જેવા અનેક સવાલો ડોક્ટરોને કરી રહ્યા છે. ફતેપુરા તાલુકાના આરોગ્ય કેન્દ્રના અધિકારએ પગાર ન થવાના કારણમાં જણાવ્યું હતું કે, ત્રણ મહિના થી ગ્રાન્ટ આવી જ નથી. જે થી આરોગ્ય કર્મીઓ પગાર થી વંચિત રહી ગયા છે. ફતેપુરા રેફરલ હોસ્પિટલ માં સફાઈ કામ અને નાઈટ ડ્યૂટી કરતા દલિત મહિલાઓ પણ આક્રોશ જોવા મળ્યો હતો અને દિવાળી તહેવાર સમયે જ જો પગાર ન મળે તો નોકરી શું કામની મજૂરી કરવી સારી એવા પણ શબ્દનો પ્રયોગ ચોથા વર્ગના કર્મીઓ કરી રહ્યા છે. જે કેટલા અંશે યોગ્ય ગણાય. હજુ પગાર થયો નથી બાળકોના નવા કપડાં લેવાના છે, મીઠાઈ લાવવાની છે જેવા અનેક પ્રશ્નો ઉભા થઇ રહ્યા છે. પગારની આશાએ દિવસ રાત એક કરીને કામ કરીએ છીએ. આઉટ સોર્સ કોન્ટ્રાક્ટ બેઝ કામ કરતા કર્મીની સ્થિતિ પગાર ન થવાને કારણે કફોડી બની છે.

# દાહોદ જીલ્લામાં બે માર્ગ અકસ્માતના બનાવમાં બે વ્યકિતના મોત

દાહોદ,

દાહોદ જિલ્લામાં વાહન ચાલકોની ગફલતના કારણે સર્જાયેલ માર્ગ અકસ્માતના બે જુદા જુદા બનાવોમાં બે જણાના મોત નીપજ્યાંનું જાણવા મળે છે.

માર્ગ અકસ્માતનો પ્રથમ બનાવ દાહોદ તાલુકાના ખરેડી ગામે બનવા પામ્યો હતો જેમાં ગત તા.૧૪મી સપ્ટેમ્બરના રોજ ખરેડી ગામે ભાભોર ફળિયામાં રહેતાં મોહનભાઈ જાફડાભાઈ ભાભોર પોતાના કબજાની મોટરસાઈકલ લઈ ખરેડી ગામેથી ચાકલીયા રોડ પરથી પસાર થઈ રહ્યાં હતાં. આ દરમ્યાન એક અજાણ્યા મોટરસાઈકલના ચાલકે પોતાના કબજાની મોટરસાઈકલ પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લાવી મોહનભાઈની મોટરસાઈકલને અડફેટમાં લઈ જોશભેર ટક્કર મારતાં મોહનભાઈને શરીરે તેમજ માથાના ભાગે ગંભીર જીવલેણ ઈજાઓ થતાં તેઓને નજીકના દવાખાને સારવાર અર્થે ખસેડવામાં આવ્યાં હતાં જ્યાં સારવાર દરમ્યાન ગતરોજ મોહનભાઈનું મોત નીપજતાં આ સંબંધે ખરેડી ગામે ભાભોર ફળિયામાં રહેતાં હિતેશભાઈ મોહનભાઈ ભાભોરે દાહોદ તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

માર્ગ અકસ્માતનો બીજો બનાવ ગરબાડા તાલુકાના ગાંગરડી રોડ ખાતે બનવા પામ્યો હતો જેમાં ગત તા.૨૯મી ઓક્ટોમ્બરના રોજ ગરબાડા નગરમાં પોલીસ સ્ટેશનની પાછળ રહેતાં ૫૯ વર્ષીય પાર્વતીબેન રામસીંગભાઈ રાઠોડ ગાંગરડી રોડ પરથી ચાલતાં પસાર થઈ રહ્યાં હતાં. આ દરમ્યાન એક મોટરસાઈકલના ચાલકે પોતાના કબજાની મોટરસાઈકલ પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લાવી પાર્વતીબેનને અડફેટમાં લઈ જોશભેર ટક્કર મારી નાસી જતાં પાર્વતીબેનને શરીરે તેમજ માથાના ભાગે ગંભીર જીવલેણ ઈજાઓ થતાં તેમને તાત્કાલિક નજીકના દવાખાને સારવાર અર્થે ખસેડવામાં આવ્યાં હતાં. સારવાર દરમ્યાન ગતરોજ પાર્વતીબેનનું મોત નીપજતાં આ સંબંધે ગરબાડા નગરમાં પોલીસ સ્ટેશનની પાછળ રહેતાં હીમસીંગભાઈ મંગાભાઈ રાઠોડે ગરબાડા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# દાહોદ કોંગ્રેસ પાર્ટી દ્વારા પોલીસ ગ્રેડ પે વધારવાની માંગ સાથે પ્રાંત અધિકારીને આવેદન આપ્યું

દાહોદ,

પોલીસ ગ્રેડ પે વધારવાની માંગ અને કર્મચારીઓ પર કરાતુ શોષણ બંધ કરવા દાહોદ જિલ્લા કોંગ્રેસ પાર્ટીએ પ્રાંત અધિકારીને આવેદન પત્ર આપી ગુજરાત સરકાર સામે વિરોધ નોંધાવ્યો.

ગુજરાત પોલીસના ગ્રેડ પે વધારાને મામલે હાલતો પોલીસનું આંદોલન સ્થગિત કરાયું છે, પરંતુ હાલતો આવનાર સમયમાં ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણી યોજાવા જઈ રહી છે. તેવા સમયે રાજકીય પાર્ટીઓ સરકારને ઘેરવા માટેના અનેક પ્રયાસો હાથ ધરી રહી છે. તેને લઈને ગુજરાત પોલીસના ગ્રેડ પે વધારોના આંદોલનમાં ગુજરાત કોંગ્રેસ પણ જોડાઈ ગઈ છે અને મુખ્યમંત્રીને સંબોધતા આવેદન આપી સરકાર સામે વિરોધ નોંધાવી અને પોલીસના ગ્રેડ પે વધારવાની માંગ કરાઈ રહી છે. ત્યારે આજ રોજ સાંજના સમયે દાહોદ કોંગ્રેસે ગડી ફોર્ટમાં આવેલી દાહોદ પ્રાંત અધિકારીની ઓફિસ બહાર ગુજરાત સરકાર વિરૂદ્ધ ભારે નારામારી ગુજરાત પોલીસના ગ્રેડ પે વધારવાની માંગ કરવામાં આવી હતી. જેમાં જણાવવામાં આવ્યું હતું કે, રાજ્યના તમામ કર્મચારીઓને મળવા પાત્ર લાભો અંગે બંધારણીય સમાનતા જળવાઈ રહે તે જોવાની જવાબદારી રાજ્ય સરકારની છે. રાજ્યમાં એએસઆઈ હેડ કોન્સ્ટેબલ કોન્સ્ટેબલના ખુબજ ઓછા છે. જેમાં સુધારો કરી ગુજરાત પોલીસના તમામ કર્મચારીઓને મળતા જુના ગ્રેડ પે માં તાત્કાલિક વધારો કરવો જોઈએ તથા પોલીસ કર્મચારીઓનું આવુ આર્થિક શોષણ બંધ કરવું જોઈએ તેવી માંગ સાથે પોલીસ કર્મચારીઓએ સરકાર સામે આંદોલનાત્મક ભૂમિકામાં આવવાની ફરજ પડી છે. ત્યારે ખાખી વર્દીની ખુમારીને દાહોદ જિલ્લા કોંગ્રેસ સમિતિ વતી પોલીસના ગ્રેડ પે વધારાની માંગને લઈને પુરે પુરૂ સમર્થન કરે છે. તેવી માંગ સાથે આજે દાહોદ કોંગ્રેસે પ્રાંત અધિકારીની ઓફિસ બહાર દેખાવો કરી મુખયમંત્રીને સંબોધતું આવેદન પત્ર દાહોદના પ્રાંત અધિકારીને આપવામાં આવ્યું હતું.

# દાહોદમાં ઉતરતી ગુણવત્તાની મીઠાઇ-ફરસાણ વેચનારા દુકાનદારો સામે કાર્યવાહી, ખાદ્યપદાર્થોના નમૂના લેવાયા



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

દિવાળીના તહેવારોમાં મીઠાઇ–ફરસાણની દુકાનો ઉપર ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા મોટા પાયે તપાસ હાથ ધરાઇ રહી છે. દુકાનોમાંથી ખાદ્યપદાર્થોના નમૂના તપાસ માટે લેવામાં આવી રહ્યાં છે અને રિપોર્ટ આવ્યાથી ઉતરતી ગુણવત્તા જણાઇ હોય તેવા વેપારીઓ સામે કાયદેસરની કડક કાર્યવાહી કરવામાં આવશે. અત્યાર સુધીમાં જિલ્લાના જુદા જુદા તાલુકાઓમાંથી ૨૮ મીઠાઇનાં, ૧૮ ફરસાણનાં, ૫ ઘીના, ૧૧ ખાદ્યતેલ તેમજ ૩ બેસનનાં નમૂના લેવામાં આવ્યા છે. આ ઉપરાંત ફરસાણ બનાવવા માટે વપરાતા ખાદ્યતેલમાં ટીપીસીની તપાસ ૫૪ દુકાનોમાં કરવામાં આવી છે અને તહેવારોમાં નાગરિકોને તાજી અને ગુણવત્તાયુક્ત મીઠાઇ જ વેચવા સપષ્ટ સૂચના ફૂડ સેફ્ટી ઓફિસર્સ દ્વારા આપવામાં આવી છે. ટોબેકો એક્ટ હેઠળ પણ ૧૫ દુકાનદારોને રૂ. ૨૦૦૦ નો દંડ કરવામાં આવ્યો છે.

# દે.બારીઆના ભથવાડા ટોલનાકા પાસે લોડીંગ ગાડીમાં લઈ જવાતો ૧.૮૮ લાખનો દારૂ ઝડપ્યો

દાહોદ,

દાહોદ જિલ્લાના દેવગઢ બારીઆ તાલુકાના ભથવાડા ટોલનાકા પાસેથી પોલીસે એક ટાટા એસી લોડીંગ ફોર વ્હીલર ગાડીમાંથી રૂા.૧,૮૯,૦૭૦ના પ્રોહી જથ્થા સાથે ચાલકની અઠક કરી ગાડીની કિંમત મળી કુલ રૂા. ૩,૮૯,૫૭૦નો મુદ્દામાલ કબજે કર્યોનું જાણવા મળે છે.

ગત તા.૩૦મી ઓક્ટોમ્બરના રોજ પીપલોદ પોલીસને મળેલ બાતમીના આધારે ભથવાડા ટોલનાકા પાસેથી આવતાં જતાં તમામ વાહનોની તલાસી હાથ ધરતી હતી. આ દરમ્યાન બાતમીમાં દર્શાવેલ એક ટાટા એસી લોડીંગ ફોર વ્હીલર ગાડી ત્યાંથી પસાર થતાં પોલીસ સાબદી બની હતી અને નજીક આવતાંની સાથે ગાડીને ચારેય તરફથી પોલીસે ઘેરી લઈ ગાડીના ચાલક સંજયકુમાર ભુપેન્દ્રભાઈ પરમાર (રહે.વડોદરા)ની અટક ગાડીના તલાસી લેતાં તેમાંથી વિદેશી દારૂની પેટીઓ નંગ.૨૩ જેમાં વિદેશી દારૂની નાની મોટી બોટલો નંગ. ૧૪૩૯ કિંમત રૂા.૧,૮૯,૦૭૦ અને ગાડી કિંમત મળી કુલ રૂા.૩,૮૯,૫૭૦નો મુદ્દામાલ પીપલોદ પોલીસે કબજે લઈ ઉપરોક્ત ચાલક વિરૂધ્ધ પ્રોહીનો ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# દે.બારીઆના નાની ઝરી ગામે ફોર વ્હીકલ ઝાડ સાથે અથડાતા ત્રણ વ્યકિતને ઈજાઓ એકનું મોત

દાહોદ,

દાહોદ જિલ્લાના દેવગઢ બારીઆ તાલુકાના નાનીઝરી ગામે એક ફોર વ્હીલર ગાડીના ચાલકે પોતાના કબજાની ફોર વ્હીલર ગાડી પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લાવી ઝાડ સાથે ધડાકાભેર અથડાવતાં અંદર સવાર ચાલક સહિત ત્રણ જણાને શરીરે ઈજાઓ થતાં ત્રણ પૈકી એકનું ગંભીર ઈજાઓને પગલે મોત નીપજ્યાનું જાણવા મળે છે.

ગત તા.૨૯મી ઓક્ટોમ્બરના રોજ હેમાંગ કુંજબિહારી કડીયા (રહે.દેવગઢ બારીઆ, તા.દેવગઢ બારીઆ, જિ.દાહોદ) નો પોતાના કબજાની ફોર વ્હીલર ગાડીમાં હિરેન વિનોદલાલ શાહ અને ધર્મેશભાઈને બેસાડી નાનીઝરી ગામેથી પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી પસાર થઈ રહ્યો હતો. આ દરમ્યાન રસ્તામાં વળાંકમાં અચાનક સ્ટેરીંગ પરનો કાબુ ગુમાવી દેતાં ગાડી નજીકમાં આવેલ ઝાડ સાથે ધડાકાભેર અથડાઈ હતી અને જેને પગલે અંદર સવાર ઉપરોક્ત ત્રણેય જણાની શરીરે, હાથે પગે તેમજ માથાના ભાગે ગંભીર જીવલેણ ઈજાઓ થવા પામી હતી જે પૈકી હિરેન વિનોદલાલ શાહને ગંભીર ઈજાઓને પગલે તેમનું મોત નીપજ્યું હતું.

આ સંબંધે દેવગઢ બારીઆ નગરમાં સુથારવાડા ખાતે રહેતાં મિતેશકુમાર વિનોદલાલ શાહ દ્વારા પીપલોદ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ઝાલોદના વરોડ નાકા પાસે નશામાં ધૂત ઈસમે ટોલ કર્મી સાથે ઝપાઝપી કરતાં ફરિયાદ




ઝાલોદ,

દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકામાંઆવેલ વરોડ ટોલ નાકા પર ટોલ ના આપવાના મુદ્દે નશામાં ધુત યુવકોએ ટોલ કર્મી સાથે ઝપાઝપી તેમજ મારપીટ કરતાં ચકચાર મચી જવા પામ્યો હતો. ટોલટેક્સ ભર્યા વગર યુવકો કાર લઈને ફરાર થયા હોવાનું પણ જાણવા મળી રહ્યું છે અને આ સમગ્ર ઘટનાનો વિડીયો ટોલનાકા પર લાગેલ સીસીટીવીમાં કેદ થઈ જવા પામ્યો હતો.

ઝાલોદ તાલુકાના વરોડ ગામે આવેલ ટોલનાકું હરહંમેશ કોઈકને કોઈ ચર્ચાઓમાં રહેતું આવ્યું છે. અગાઉ પણ આ ટોલનાકા પર ટોલ ફરવાના મુદ્દે ટોડફોટ સહિત મારામારીના કિસ્સો પણ ભુતકાળમા બની ચુક્યાં છે. ત્યારે ફરીવાર ગતરોજ રાત્રીના સમયે વરોડ ટોલનાકા ઉપર રાત્રીના સમયે ઈકો કાર ચાલક અને અન્ય બે યુવકો નશાની હાલતમાં ટોલ પસાર કરી રહ્યા હતા તે સમયે ટોલ કર્મીએ ટોલના રૂપિયા ભરવાનું કહેતા તેઓ નશાની હાલતમાં ઉશ્કેરાઈને ગાડીમાંથી લાકડીઓ કાડી ટોલ કર્મી ઉપર અચાનક હુમલો કરવામાં આવ્યો હતો. આ સમગ્ર ઘટનાના દ્રશ્યો સીસીટીવી કેમેરામાં કેદ થયા છે અને ટોલ કર્મીઓ દ્વારા લીમડી પોલીસને જાણ કરાતા લીમડી પોલીસે ટોલ કર્મીની ફરિયાદના આધારે ફરાર નશામાં ચૂર હુમલાખોરોની તપાસ આદરી આગળની વધુ કાર્યવાહી હાથ ધરી છે.

# દાહોદ ખાતે સરદાર વલ્લભભાઈ પટેલની ૧૪૬ જન્મ જયંતિ પુષ્પાંજલી કાર્યક્રમ યોજયો



દાહોદ,

અખંડ ભારતના શિલ્પી સરદાર વલ્લવભાઈ પટેલની ૧૪૬ મી જન્મ જયંતિ અને રાષ્ટ્રીય એક્તા દિવસ નિમિતે સદાર પટેલ એ.પી.એમ.સી. દાહોદ ખાતે પુષ્પાંજલીનો કાર્યક્રમ કરવામાં આવ્યો. જેમા દાહોદ એ.પી.એમ.સી.ના ચેરમેન અને જીલ્લા ભાજપા મહામંત્રી કનૈયાલાલ કિશોરી, વાઈસ ચેરમેન કૈલાશભાઈ ખંડેલવાલ, સભ્ય કમલેશભાઈ રાઠી, ઈકબાલભાઈ ખરોદાવાલા, એ.પી.એમ.સી.ના ભુતપુર્વ ચેરમેન નગરસિંહ પલાસ, તાલુકા ભાજપા પ્રમુખ મુકેશભાઈ લબાના, હસમુખભાઈ ભરવાડ, વેપારી મિત્રો, શ્રમિકભાઈઓ તેમજ માર્કેટ કમિટીનો સ્ટાફ ગણ હાજર રહી પુષ્પાંજલી અર્પણ કરેલ હતી.

# દાહોદ સીટી અને એબીલીટી કલબના એવોર્ડથી સન્માનિત કરાયા




તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

આજરોજ ધ ઈન્ટરનેશનલ એસોસિએશન ઓફ લાયન્સ કલબ ડિસ્ટ્રીકટ ૩૨૩૨ એફ–૧, ૨૦૨૧–૨૨ ના સર્વિસ વિક એવોર્ડ ફંકશન ઊર્મિ સ્કૂલ, વડોદરા ખાતે યોજાયો. જેમાં રિજીયન ચેરમેન લા. કમલેશ લિમ્બાચીયા, ઝોન ચેરમેન લા. મીનેશ પટેલ, લાયન્સ કલબ ઓફ દાહોદ સિટીના પ્રમુખ લા. અર્પિલ શાહ ને ડિસ્ટ્રીકટ ગવર્નર લા. કૃષ્ણકાંત દેસાઈ અને સર્વિસ વિક ચેરમેન લા. રવિ નાયરના હસ્તે એવોર્ડ અને સટીફીકેટ થી સન્માનિત કરવામાં આવ્યા. આ પ્રસંગે ડિસ્ટ્રીકટ ચેરમેન લા. સૈફી પીટોલવાલા અને મંત્રી લા. રસીદાબેન પીટોલવાલા તથા મોટી સંખ્યામાં લાયન્સ મેમ્બર્સ ઉપસ્થિત રહયા હતા. લાયન્સ કલબ ઓફ દાહોદ સિટી અને એબીલીટી કલબના એવોર્ડ અને સર્ટિફિકેટથી સન્માનિત કરતા લાયન મેમ્બર્સે ખુશી વ્યકત કરતા અભિનંદન પાઠવ્યા હતા.

# લીમખેડાના ડુંગરા પંચાયતના મહિલા સરપંચે બેવડા પદોને લઇ સરપંચ પદેથી રાજીનામુ આપ્યુ

લીમખેડા,

લીમખેડા તાલુકાની ડુંગરા પંચાયતના મહિલા સરપંચ આંગણવાડીમાં પણ કાર્યકર હોવાથી સરકારી પદ બેવડાતા તેમણે રાજીનામુ ધરી દેતા સરપંચ પદનો ચાર્જ ઉપસરપંચને સોંપવામાં આવ્યો છે.

લીમખેડા તાલુકાની ડુંગરા પંચાયતમાં વર્ષ–૨૦૧૭માં થયેલી ચુંટણીમાં રમીલાબેન શંકરભાઈ ચારેલ સરપંચપદે ચુંટાઇ આવ્યા હતા. તેઓ ડુંગરા ગામે આંગણવાડી કાર્યકર પણ હતા તેથી ગુજરાત પંચાયત અધિનિયમ બેવડાતુ પદ ધારણ ન કરવા બાબતનો જોગવાઈ દયાને આવતા તેઓ આંગણવાડી કાર્યકર તરીકે ચાલુ રહેવા માંગતા હોઈ તેમણે ડુંગરા પંચાયતના સરપંચ પદનો ચાર્જ ઉપસરપંચ મહેશ શંકર બિલવાળને સોંપાતો હુકમ ફરમાવ્યો છે. ઉલ્લેખનિય છે કે, ૨૦૧૭ના વર્ષમાં સરપંચ પદે ચુંટાયેલા રમીલાબેન શંકરભાઈ ચારેલ આંગણવાડી કાર્યકર હોવા છતાં પણ સાડા ચાર વર્ષ સુધી સરપંચ પદે ચુંટાયેલા રમીલાબેન ચારેલ આંગણવાડી અને ગ્રામ પંચાયતમાં બેવડુ પદ ધારણ કરી એકસાથે વહીવટ કરી પંચાયત ધારાનો છડેચોક ભંગ કર્યો છે તો આ બાબતે હવે આઈ.સી.ડી.એસ.વિભાગ તેમજ પંચાયત વિભાગ શુ પગલા ભરશે તે જોવુ રહ્યુ.

# રેલ્વે કોલોનીમાં લાંબા સમયથી બંધ કરાયેલ રસ્તો પુનઃ ખુલ્લો મુકવામાં આવ્યો

દાહોદ,

દાહોદની રેલ્વે કોલોનીમાં અકસ્માતના કારણે બંધ પડેલ રોડ રેલ્વે વિભાગ દ્વારા ચાર મહિનાના લાંબા સમયગાળા બાદ પુનઃ ફરીથી આમ જનતા માટે ખુલ્લો મુકવામાં આવ્યો હતો.

કેટલાંક મહિનાઓ અગાઉ રેલ્વે કોલોનીમાં સાત બંગલા અને અન્ય ગામડાઓમાં જવાના માર્ગ વચ્ચે રિક્ષા ટેમ્પો અને રેલ્વે કારખાનામાં જતા એન્જિન વચ્ચે અકસ્માત સર્જાતા રસ્તો બંધ કરવામાં આવ્યો હતો. જેથી રેલ્વે કોલોની સાત બંગલા રેટિયા જેકોટ વાંદરિયા જેવા ગામડાઓમાં જવા માટે ગ્રામજનોને ભારે હાલાકીનો સામનો કરવો પડતો હતો. તેથી તે ગામના સરપંચોએ દાહોદના સાંસદ જશવંતસિંહ ભાભોરને રજુઆત કરી હતી. તેમજ જિલ્લા કલેકટરને તેમજ મુંબઈના જી.એમ.ને રતલામના ડી.આર.એમ.ને અને દાહોદના સી.ડબ્લ્યુ.એમ.ને વેસ્ટર્ન રેલ્વે એમ્પ્લોઈઝ યુનિયન દ્વારા આવેદનપત્ર આપી આ રોડ ફરીથી શરૂ કરવામાં આવે તેવી માંગ કરી હતી. તે બાદ મુંબઈ રેલ્વે પ્રબંધક તેમજ રતલામ ડી.આર.એમ.ના આદેશો બાદ રેલ્વે કોલોનીમાં બંધ કરાયેલ રોડને ફરીથી આ નાગરિકો માટે ખુલ્લો મુકવામાં આવ્યો હતો. જેમાં દાહોદ જિલ્લા પંચાયતના સભ્ય સુધીરભાઈ લાલપુરવાલાના હસ્તે રોડ ખુલ્લો મુકવા માટેની રિબીન કાપી ત્યાંના સ્થાનિકો તેમજ ગામના લોકોમાં ખુશીનો માહોલ જોવા મળ્યો હતો.

# ગરબાડાના ગાંગરડી રોડ ઉપર બાઈકની અડફેટે મહિલાનુ મોત

દાહોદ,

દાહોદ જિલ્લાના ગરબાડા તાલુકાના ગાંગરડી રોડ પર બાઇકની અડફેટે રાહદારી મહિલાનુ ગંભીર ઈજાઓને કારણે મોત નીપજયું હતુ.

દાહોદ જિલ્લાના ગરબાડા તાલુકાના ગાંગરડી રોડ ખાતે તા.૨૯ના રોજ ગરબાડા નગરમાં પોલીસ સ્ટેશનને પાછળ રહેતા ૫૯ વર્ષના પાર્વતીબેન રામસિંગભાઈ રાઠોડ ગાંગરડી રોડ પરથી ચાલતા પસાર થઈ રહ્યા હતા. આ દરમિયાન એક બાઈકના ચાલકે પુરઝડપે બાઈક હંકારી લાવી પાર્વતીબેનને અડફેટમાં લઈ ટકકર મારી નાસી ગયો હતો. પાર્વતીબેનને ગંભીર ઈજા થતાં તેમને તાત્કાલિક નજીકના દવાખાને સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. સારવાર દરમિયાન પાર્વતીબેનનુ મોત નીપજયું હતુ. આ સંબંધે ગરબાડા નગરમાં પોલીસ સ્ટેશનની પાછળ રહેતા હિમસીંગભાઈ મંગાભાઈ રાઠોડે ગરબાડા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ગરબાડાના ગાંગરડી GRDજવાનને ૭ હજારની લાંચ લેતા ACB એ ઝડપ્યો



દાહોદ,

દાહોદ જિલ્લાના ગરબાડા તાલુકાના ગાંગરડી ગામે નવા સભ્યને ફરજ ઉપર હાજર થવા માટે જી.આર.ડી.જવાન દ્વારા રૂ.૭ હજારની લાંચની માંગણી કરતા દાહોદ એ.સી.બી.પોલીસે ગાંગરડી પોલીસ ચોકી ખાતે છટકુ ગોઠવી લાંચિયા જી.આર.ડી.જવાનને રૂ.૭ હજારની લાંચ લેતા ઝડપી પાડ્યો હતો.

પ્રાપ્ત માહિતી અનુસાર વર્ષ જુન–૨૦૨૦માં જી.આર.ડી.ના નવા સભ્યોની ભરતીમાં એક યુવકની પસંદગી થઈ હત. આ યુવકે તાલીમ લીધા બાદ જી.આર.ડી.સભ્ય તરીકે ગરબાડા પોલીસ સ્ટેશન ખાતે નિમણુંક થઈ હતી. જેથી યુવક પોલીસ ચોકી, ગાંગરી ખાતે જી.આર.ડી.સભ્ય રામસિંગ ખાતિયા ભુરિયાને હાજર થવા માટે મળ્યો ત્યારે રામસિંગે યુવકને આવતા મહિનાથી નોકરી ઉપર હાજર થવુ હોય તો ૭ હજાર આપવા પડશે અને તારી પાસે તા.૩૦ સુધીનો સમય છે. તેમ જણાવ્યુ હતુ. આ લાંચની રકમ યુવક રામસિંગને આપવા માંગતો ન હોઈ યુવકે દાહોદ એ.સી.બી.પોલીસને ફરિયાદ કરી હતી. આ મામલે દાહોદ એ.સી.બી.ના પોલીસ ઈન્સ.પી.કે.અસોડા અને સ્ટાફે ગાંગરડી પોલીસ ચોકી ખાતે લાંચના છટકાનુ આયોજન કર્યુ હતુ અને આ છટકા દરમિયાન જી.આર.ડી.સભ્ય રામસિંગ ભુરિયા યુવક પાસેથી રૂ.૭ હજારની લાંચ લેતા રંગેહાથે ઝડપાઈ ગયો હતો.

(પાન નં.૪ નું ચાલુ)

## પંચમહાલ જિલ્લામાં ગોધરા.....

આઉટરીચ પ્રકારના કાર્યક્રમોનો લાભ લઈ જરૂરી નાણાકીય સહાય મેળવી આર્થિક ઉન્નતિ સાધવા અને તે સાથે જ ભારતીય અર્થતંત્રને પણ એક નવો વેગ આપવા અપીલ કરી હતી. તેમણે આર્થિક સહાય મેળવવા અંગેની વિવિધ યોજનાઓ અંગે સતત માહિતગાર રહેવા, સરકારી યોજનાઓનો મહત્તમ લાભ ઉઠાવી આર્થિક સધ્ધરતા પ્રાપ્ત કરવા રહેવા ઉપસ્થિતજનોને હાકલ કરી હતી. સમયસર લોનનું ચૂકવણું કરતા લાભાર્થીઓને આગળ વધુ ધિરાણની જરૂર પડયે ધિરાણ પૂરૂ પાડવા બેન્કો તૈયાર છે ત્યારે લાભાર્થીઓ પણ વધુ સક્ષમ બની આ સમગ્ર પ્રક્રિયામાં સહયોગ કરવા તેમણે ઉમેર્યું હતું. તેમણે જણાવ્યું હતું કે રાષ્ટ્રના આર્થિક વિકાસ માટે જરૂરી નાણાંની પ્રવાહિતતા અને સમાયોજન માટે બેંકોની ભૂમિકા મહત્વપૂર્ણ બની રહે છે ત્યારે રાષ્ટ્રના કૌશલ્યવાન અને તાલીમબધ્ધ યુવા શક્તિનો રાષ્ટ્રના વિકાસમાં વિનિયોગ કરવા માટે બેંકો દ્વારા તેઓને આર્થિક સહાય અને સબીસીડી યુકત લોન દ્વારા અપાતું પ્રોત્સાહન આગવું પ્રેરકબળ પુરૂં પાડે છે. કાર્યક્રમમાં બેન્ક ઓફ બરોડાના ઝોનલ પ્રમુખ રાજેશ કુમારસિંહે જણાવ્યું હતું કે, ક્રેડિટ આઉટરીચ પ્રોગ્રામનો ઉદ્દેશ્ય બજારમાં વપરાશ અને માંગને વધારીને આર્થિક સ્વાસ્થ્યને પુનજીવિત કરવાનો છે. ૧૬ ઓક્ટોબર થી ૩૦ ઓક્ટોબર સુધી ચલાવાયેલ આ ક્રેડિટ આઉટરીચ પ્રોગ્રામનો હેતુ કોરોના કટોકટીથી બજારને થયેલ નકારાત્મક અસરોથી અસંગઠિત ક્ષેત્રના જે લોકો પ્રભાવિત થયા છે તેમને મદદ કરવાનો, ધિરાણથી વંચિત રહેતા નબળા વર્ગો, મહિલાઓને આર્થિક મુખ્ય પ્રવાહમાં સામેલ કરવાનો છે. તેમણે ઉમેર્યું હતું કે ટકાઉ અને લાંબા ગાળાના સર્વસમાવેશક વિકાસ માટે આ પ્રકારની પહેલનું મહત્વ બેન્કો સમજે છે અને આ પહેલ માત્ર ૧૫ દિવસના કાર્યક્રમ પૂરતી મર્યાદિત ન રહેતા લાંબા ગાળા માટેનો અભિગમ બની રહેશે.

પંચમહાલ જિલ્લામાં ક્રેડિટ આઉટરીચ પ્રોગ્રામ દરમિયાન બેન્કોએ ૧૮૦૦થી લાભાર્થીઓને રૂ. ૧૩૪.૩૭ કરોડનું ધિરાણ મંજૂર કર્યું હતું. જેમાં એમએસએમઈ ક્ષેત્રે ૮૧.૫૩ કરોડની ૨૭૮, કૃષિ ક્ષેત્રે ૧૬.૨૪ કરોડની ૬૭૪ તેમજ છૂટક ધિરાણ ક્ષેત્રે ૩૬.૭૦ કરોડની ૮૪૮ અરજીઓને મંજૂરી આપવામાં આવી છે. આ પૈકીના ૫૧ લાભાર્થીઓને સ્ટેજ પરથી ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે મંજૂરી પત્રો અને લોન સહાયના ચેકોનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ કૃષિ પખવાડિયા દરમિયાન જિલ્લાના તમામ ગામોમાં ૧૪૦ ગ્રાહક સંપર્ક કાર્યક્રમો યોજવાની સાથે પશુ સ્વાસ્થ્ય જાગરૂકતા શિબિર, કિસાન ચૌપાલ, મૃદા પરિક્ષણ શિબિરનું પણ આયોજન કરવામાં આવ્યું હતું, જે હેઠળ ૧૫૦૦થી વધુ ખેડૂતો સાથે સીધો સંપર્ક કરવામાં આવ્યો હતો.

કાર્યક્રમમાં બેન્ક ઓફ બરોડાના ન્યુ એમ.એસ.એમ.ઈ કોર્પોરેટના પ્રમુખ ધ્રબાશીષ ભટ્ટાચાર્ય, ક્ષેત્રીય પ્રમુખ આદિત્ય કુમાર કન્નોજિયા, ઉપપ્રમુખ નરેન્દ્ર પાંડેય, એસબીઆઈના રિજનલ મેનેજર મલિક, બીજીજીબીના રિજનલ મેનેજર ચંદ્રમોહન સૈની, બીઓઆઈના ડેપ્યુટી ઝોનલ મેનેજર એચ.એન.વાસ્તવ, આરસેટીના ડાયરેકટર દેવીદાસ દેશમુખ, નાબાર્ડના ડીડીએમ રાજેશ ભોંસલે તેમજ લીડ બેન્ક મેનેજર એસ.કે. રાવ સહિત વિવિધ બેંકો, નાણાકીય સંસ્થાઓના અધિકારીઓ અને વિવિધ પ્રકારની લોનનાં લાભાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 25, No.60

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

## પંચમહાલ સમાચારના અહેવાલ બાદ રેતી સ્ટોરેજ ઉપર દેખાવ પુરતી કાર્યવાહી

# ખાણ-ખનિજ વિભાગે ચલાલી ગામે રેતી સ્ટોરેજ ઉપર રેઈડ કરી વાહનો કબ્જે લીધા



ગોધરા

કાલોલ તાલુકાના ગોમા નદી માંથી ખનિજ માફિયાઓ દ્વારા ગેરકાયદેસર રેતી ખનન કરતા હોય તેની ઉપર ખાણ-ખનિજ વિભાગ અનેક વખત રેડ કરી કાર્યવાહી છતાં રેતી ખનન માફિયાઓ માઝા મૂકી છે. બીજી તરફ વેજલપુર પંથકમાં રેતી સ્ટોરેજમાં ગેરકાયદેસર રીતે રેતી મેળવીને રેતી સ્ટોરેજ કરવાના ધંધો કુલો ફાલ્યો છે. ત્યારે ખાણ-ખનિજ વિભાગ અને વેજલપુર પોલીસ સાથે રાખીને ચલાલી ગામે રેતી સ્ટોરેજ ઉપર રેઈડ કરી ૬૫ લાખ રૂપીયા ઉપરાંતના વાહનો ઝડપી પાડવામાં આવ્યા હતા. જ્યારે વેજલપુર થી સુરેલી રોડ ઉપર આવેલ રેતી સ્ટોરેજ ઉપર કાર્યવાહી ન કરતા અનેક સવાલો ઉભા થવા પામ્યા છે.

કાલોલ તાલુકા માંથી પસાર થતી ગોમા નદીના પટ વિસ્તારમાં આવતાં ગામો માંથી ખનિજ માફિયાઓ દ્વારા ગેરકાયદેસર રેતી ખનન કરવામાં આવે છે. ગોમા નદી માંથી લાખો ટન રેતીનું રોજ ગેરકાયદેસર ખનન થતું હોય છે. ત્યારે ખાણ-ખનિજ વિભાગ જીલ્લા વહીવટી તંત્ર, પોલીસ દ્વારા ગોમા નદીમાં ચાલતા રેતી ખનન સ્થળે રેઈડ કરી કાર્યવાહી કરવામાં આવતી હોય છે. તેમ છતાં રેતી ખનન માફિયાઓ રેઈડ બાદ સ્થળને બદલીને રેતી ખનન કામગીરી ચાલુ રાખતા હોય છે. જાણે ખનિજ માફિયાઓને ખાણ-ખનિજ વિભાગ જોકે સરકારના કાયદાનો ડર રહ્યો ન હોય તેમ જણાય છે. કાલોલ માંથી પસાર થતી ગોમા નદી માંથી રેતી ખનન માટે ખાણ-ખનિજ વિભાગ દ્વારા કાયદેસર લીઝ ફાળવવામાં આવી નથી. તેમ છતાં ગોમા નદી માંથી રેતી ખનનનો વ્યવસાય કુલો ફાલ્યો છે. તેમાં પણ કાલોલ તાલુકાના વેજલપુર પંથકમાં જ્યારે ગોમા નદી માંથી કાયદેસર રેતી ખનનની લીઝ ફાળવવામા આવી ન હોવા છતાં રેતી સ્ટોરેજની સંખ્યા ઉડીને આંખે વળગે તેવી છે. વેજલપુર થી ધુસર અને સુરેલી રોડ ઉપર અનેક રેતી સ્ટોરેજ આવેલા છે. આ રેતી સ્ટોરેજમાં રેતી કયાંથી આવતી હશે તે સહજ પ્રશ્ન ઉદ્દભવે તે નક્કી છે. વેજલપુર પંથકમાં કરોડો રૂપીયાનો ધંધો કરતા વ્યવસાયીકોને લઈ સરકારી તિજોરીને ભારે નુકશાન થતું હોય તેવા અહેવાલ પંચમહાલ સમાચાર દૈનિકમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યો હતો. રેતી સ્ટોરેજના ધંધા ઉપર ઉઠેલ સવાલોને લઈ ખાણ-ખનિજ વિભાગ સફાળું જાગ્યું હતું અને વેજલપુર પોલીસને સાથે રાખીને ચલાલી ગામે સચીન ચૌહાણના રેતી સ્ટોરેજ ઉપર રેઈડ કરવામાં આવી હતી અને એક જેસીબી મશીન, ૩ હાઈવા ડમ્પરો મળી ૬૫ લાખ ઉપરાંત વાહનો ઝડપી પાડીને કાર્યવાહી કરવામાં આવી હતી. જ્યારે વેજલપુર સુરેલી રોડ ઉપર આવેલ રેતી સ્ટોરેજ ઉપર કાર્યવાહી કે તપાસ પણ કરવામાં આવી નથી. ત્યારે શું ખાણ-ખનિજ વિભાગ દ્વારા વેજલપુર પંથકમાં એક જ રેતી સ્ટોરેજ ઉપર કાર્યવાહી કરીને રેતી સ્ટોરેજ ઉપર ઉઠેલ સવાલ ઉપર ઠંડુ પાણી રેડવાના પ્રયાસ કરાયો.

### પંચમહાલ સમાચારના અહેવાલ બાદ ચલાલી રોડ ઉપર રેતી સ્ટોરેજ ઉપર રેડ કરી સંતોષ માણ્યો

કાલોલ તાલુકામાં ખનિજ માફિયાઓ દ્વારા થતાં ગેરકાયદેસર રેતી ખનનના અહેવાલ પ્રસિદ્ધ થતા ખનિજ વિભાગ દ્વારા કાર્યવાહી કરાઈ છે. ખનિજ વિભાગની કામગીરી સામે આંગળી ચિંધ્ધાતા સફાળું જાગ્યું હતું અને વેજલપુર થી ધુસર અને સુરેલી સુધી આવેલ રેતી સ્ટોરેજ ઉપર કાર્યવાહી કરવાના સ્થાને ચલાલી રોડ ઉપર આવેલ રેતી સ્ટોરેજ ઉપર કાર્યવાહી કરીને સંતોષ માન્યો.

### વેજલપુર થી સુરેલી સુધીના રોડ ઉપર આવેલ રેતી સ્ટોરેજમાં રેતી ક્યાંથી આવે છે ??

કાલોલ તાલુકામાં ગોમા નદી માંથી કાયદેસર રીતે રેતી ખનન માટે લીઝ આપવામાં આવેલ નથી. તેમ છતાં લાખો ટન રેતીનું ગેરકાયદેસર ખનન રોજ થઈ રહ્યું છે. તેમાં પણ ઉડીને આંખે વળતે તેવી વાત એ છે કે, ગોમા નદી માંથી રેતી ખનનની લીઝ ખાણ-ખનિજ વિભાગ ફાળવેલ નથી. તેમ છતાં વેજલપુર થી સુરેલી સુધીના માર્ગ ઉપર રેતી સ્ટોરેજનો ધંધો કુલ્યો ફાલ્યો છે. ત્યારે પ્રશ્ન થાય કે, ગોમા નદી માંથી આવા રેતી સ્ટોરેજ માં આવતી ન હોય તો રેતી કેવી રીતે સ્ટોરેજ કરવામાં આવે તેવી તપાસ થાય તે જરૂરી છે.

# પંચમહાલ જિલ્લામાં ગોધરા ખાતે કલેકટર સુજલ મયાત્રાની અધ્યક્ષતામાં મેગા ક્રેડીટ આઉટરીચ કાર્યક્રમ યોજાયો



તસ્વીર : કમલ પંચાલ, ગોધરા

ગોધરા,

ભારત સરકારની આઝાદીના ૭૫ વર્ષની ઉજવણી સંદર્ભે ''આઝાદી કા અમૃત મહોત્સવ'' અંતર્ગત પંચમહાલ જિલ્લાના ગોધરા ખાતે પંચમહાલ જિલ્લા કલેક્ટર સુજલ મયાત્રાની અધ્યક્ષતામાં લીડ બેન્ક બેન્ક ઓફ બરોડા દ્વારા ક્રેડિટ આઉટરીચ કાર્યક્રમ યોજાયો. આ પ્રસંગે ઉપસ્થિત મહાનુભાવોનાં હસ્તે લાભાર્થીઓ રૂ.૧૩૪.૩૭ કરોડની લોન સહાયનું વિતરણ કરવામાં આવ્યું હતું. ચંદન બાગ, ગોધરા ખાતે રાજ્ય સ્તરીય આ પ્રસંગે સંબોધન કરતા કલેક્ટર સુજલ મયાત્રાએ જણાવ્યું હતું કે, કોરાનાની વૈશ્વીક મહામારીનાં કારણે વેપાર-ઉદ્યોગોને વિપરીત અસરોમાંથી બહાર લાવવા અને અર્થતંત્રને પુનઃ ધબકતું કરવા તેમજ લોકોની આર્થિક સ્થિતિને મજબૂત બનાવવા સરકાર દ્વારા શ્રેણીબદ્ધ પગલા લેવામાં આવ્યા છે. જેના ભાગરૂપે આ ક્રેડિટ આઉટરીચ પ્રોગ્રામ બેન્કો દ્વારા અમલમાં મૂકવામાં આવ્યો છે. આ પ્રોગ્રામ હેઠળ પોતાના ધંધા-રોજગાર માટે લોન લઈને આત્મનિર્ભર બનવા ઈચ્છતા વ્યક્તિઓ લોન લઈ શકે છે. આ લોનની મદદથી તેઓ પોતાના ધંધા-રોજગારને વિકસાવી શકે છે અથવા નવો ધંધો શરૂ પણ કરી શકે છે. સરકાર આત્મનિર્ભર બનવા માટે, સ્વરોજગારી માટે અનેક પગલા લઈ રહી છે. ત્યારે લાભાર્થીઓને આ તકનો લાભ લઈ સક્ષમ બનવા, ક્રેડિટ

(અનુ.પાના.નં.૩)

# શહેરાના બજારોમાં દિવાળીનો તહેવાર છતાં ઘરાકી નહી ખુલતા વેપારીઓ ચિંતીત


તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા,

શહેરા સહીત સમગ્ર જીલ્લામાં વધતી જતી મોઘવારીને લઈને દિવાળીનુ પર્વ ગરીબ અને મધ્યમ વર્ગ માટે મુશ્કેલ રૂપબનતું હોય તેમ લાગી રહ્યુ છે. જ્યારે પર્વની શરૂઆત થવા છતાં બજારોમાં મંદીનો માહોલ હોવાથી વેપારીઓના ચહેરા પરની રોનક છીનવાઈ ગઈ હતી. ફરસાણ અને જીવનજરૂરીયાતની ચીજવસ્તુઓમાં ભાવવધારો જોવા મળી રહ્યો હતો. સ્થાનિક વહીવટી તંત્ર દ્વારા મીઠાઈ અને ફરસાણના ભાવ અંકુશમાં રાખવા માટે વેપારીઓ સાથે એક બેઠકનુ આયોજન કરે તેમ લોકો ઈચ્છી રહ્યા છે.

શહેરા સહીત સમગ્ર જીલ્લામાં દિવાળી પર્વને લઈને વધતી જતી મોંઘવારીના કારણે આ પર્વ ક્યાક ફીકો બનતો જતો હોઈ તેમ લાગી રહ્યુ છે. જે રીતે ફરસાણના ભાવ તેમજ જીવનજરૂરિયાત સહીત પેટ્રોલ-ડીઝલના ભાવોમાં સતત વધારો થતો રહેતો હોવાથી દરેક ચીજવસ્તુઓના ભાવમાં પાંચથી દસ ટકા સુધીનો વધારો થયેલ હાલ જોવા મળી રહ્યો હતો. દિવાળી પર્વ શરૂ થઈ જવા છતા હજુ પણ બજારોમાં ઘરાકી જોઈએ એટલી જોવા નહી મળતા વેપારીઓ પણ ચિંતીત થઈ ઉઠ્યા છે. ગત વર્ષે કોરાનાના કારણે નાના મોટા ધંધા રોજગાર કરતા વેપારીઓને ભારે નુકશાન ધંધામાં વેઠવાનો વારો આવ્યો હતો. આ વર્ષે સારી એવી ઘરાકી નીકળશે તેવી આશાએ વેપારીઓએ માલ ભર્યો હતો.પણ સરકારી કર્મચારીઓ,તેમજ અમુક ખાનગી કંપનીઓમાં નોકરી કરનારાઓનો પગાર થઈ જવા છંતા જે રીતે બજારોમાં ઘરાકી નહી જોવા મળતા ક્યાકને ક્યાક મોંઘવારીની અસર કહીએ તો નવાઈ નહી.મીઠાઈ અને ફરસાણના ભાવ દિવાળી પર્વ પહેલા સ્થાનિક વહીવટીતંત્ર દ્વારા વેપારીઓને બોલાવીને નક્કીકરવામા આવતા હોય છે પણ આ વખતે દિવાળીનુ પર્વ શરૂ થવા છંતા નક્કી કરવામા નહી આવતા ગરીબથી માંડીને મધ્યમ વર્ગના લોકોના હીત માટે સ્થાનિક વહીવટી તંત્રએ આ બાબતે ગંભીરતા કેમ લેવામા આવી રહી નથી તે એક ચર્ચાનો વિષય બન્યો છે. જીવનજરૂરિયાતની ચીજવસ્તુઓના ભાવ પણ આસમાને જતા દિવાળી પર્વની ઉજવણી તાલુકાવાસીઓ કહી ખુશી કહી ગમના માહોલ વચ્ચે કરશે તેમ લાગી રહયુ છે.

# ગોધરા શહેરના હમીરપુર રોડ ઉપર લુખ્ખા તત્વોના ત્રાસ

**- સ્થાનિક લોકો અને રાહદારીઓ પરેશાન પોલીસમાં રાવ.**
**- પોલીસ નશ્યંત કરે તેવી સ્થાનિક લોકોની માંગ.**

ગોધરા,

ગોધરા તાલુકાના હમીરપુર, વાંસાપુર, અંબાલી, બગીડોળના જેવા નાના-મોટા ૧૮ ગામો જોડતા સાતપુલ નજીક હમીરપુર રોડ ઉપર લુખ્ખા ટોળકીના ત્રાસ અને છેડતીને કારણે સ્થાનિક લોકો તેમજ રાહદારીઓ પરેશાન છે.

લુખ્ખા તત્વો મંડળી બનાવીને સ્થાનિક રહિશો, મહિલા તેમજ ત્યાંથી પસાર થતી ગામડાની મહિલાઓને છેડતી તેમજ અશ્લીલ હરકતો અંગેની લેખિત ફરિયાદ સ્થાનિક લોકોએ બી ડીવીઝન પોલીસ સ્ટેશનમાં આપેલ છે.

લુખ્ખા તત્વોના અમુક તત્વોએ ગેરકાયદેસર લોખંડના કેબીનો ગોઠવીને બેસવા માટે બેઠકો બનાવી છે અને ગેરકાયદેસર મંડળીઓ રચીને મોબાઈલમા અવાજ થી ગીતો વગાડવા અને ગીતોની રમુજ સાથે મોંઢેથી ગાવા ડાન્સ કરવા કીકીયારીઓ કરવી જેવી હરકતોથી આજુબાજુના રહીશોને ત્રાસ પહોંચાડે છે. પબજી ગેમો મોબાઈલમા રમે છે અને સટ્ટાઓ ખેલાય છે. મોબાઈલ ઉપર અવાજ થી રાડા પાડવા જેવી હરકતોથી ત્રાસી જઈને સ્થાનિક લોકોએ પોલીસ કંટ્રોલ રૂમમાં ફરિયાદ નોંધાયેલ છે. જેથી સ્થળ ઉપર પોલીસ પહોંચી સ્થાનિકોના જવાબ પંચક્યાસ, અરજી લીધેલ છે.

આવા લુખ્ખા તત્વોને ઝેર કરવા અને તેઓએ બંધ ટેમ્પી તેમજ ગેરકાયદે ખડકાયેલ કેબીનો દુર કરવા ગોધરા નગર પાલિકામાં લેખિત રજુઆત કરેલ છે. નગર પાલિકાએ ૨૬/૦૮/૨૦૨૧ના રોજ ગેરકાયદેસર કેબીનો હટાવવા નોટીસ પણ ઈશ્યુ કરેલ છે. પરંત માથાભારે તત્વો ઉપર કોઈ અસર નથી અને જૈસે થી સ્થિતી છે અને નોટીસનો લાંબો સમય થઈ ગયેલ હોવા છતાં નગર પાલિકા કોઈ પ્રતિક્રિયા નથી એ માટે એવું કહેવાય છે કે ગેરકાયદેસર કેબીનો મુકવામાં નગર પાલિકાના કર્મચારી સામેલ હોય આંખ આડા કાન કરેલ છે.

લુખ્ખા તત્વો પૈકી અમુક તત્વો ખરાદી કામ સાથે સંકળાયેલ છે અને તેઓના કારખાનાના લાઈસન્સો તેમજ વિજ કનેકશન કાયદેસરના છીએ કે, કેમ તે પણ તપાસનો વિષય છે.

માથાભારે તત્વો પૈકી ટોળકીના સભ્યો આજુબાજુ ગામો માંથી બે નંબરી સ્કેપ, જુના વાહનો સ્કેપ બે નંબરી ઉઠાવી લાવીને ઘર આગળ તોડીને સ્થાનિક સ્કેપના ડેલાઓ ઉપર વેચી મારે છે. જેઓની સાંઠગાંઠ પણ આવા તત્વોને પોષણ મળે છે.

હમીરપુર રોડ મકડી મસ્જીદ સામેના કોમન પ્લોટમાં ગેરકાયદેસર કેબીન ગોઠવનાર નગર પાલિકાના કર્મચારી છે. જેથી નગર પાલિકાની નોટીસની કોઈ અસર નથી. જેવી લોકચર્ચાઓ ચાલી રહી છે.

માથાભારે ટોળકીના સભ્યો ખરાદી કામે સાથે સંકળાયેલા છે. તેઓના કારખાના, વિજ કનેકશનો કાયદેસર છે કે કેમ તે તપાસનો વિષય છે.

લુખ્ખા તત્વોને સ્ક્રેપના બે નંબરી સામાન લાવવા માટે સ્ક્રેપના કારખાનાવાળા મૂડી આપીને પ્રત્યક્ષ સહકાર આપી રહ્યા હોવાની પણ બૂમ ઉઠી છે.

હમીરપુર રોડ ઉપર ગેરકાયદેસર લાકડાના ટ્રેકટરો, ચોરેલી ગાડીઓ સ્કેપ ધંધા ફુલ્યા ફાલ્યા છે અને તાલુકા ગામો તેમજ આજુબાજુ ગામો માંથી ચોરટાઓએ ચોરેલી વસ્તુઓ તોડવા વગેરે મોટાપાયે ગેરકાયદેસર કૃત્યો થતા હોય પોલીસ પેટ્રોલીંગ વધારવા અને કાયમી ધોરણે ચોકી ગોઠવવા સ્થાનિકોની માંગ છે.

## પેટ્રોલ-ડીઝલના વધતા ભાવો સામે બચત કરતાં ધંધાદારીયો

# ટ્રેકટરમાં પાણીનું ટેન્કર ભરીને વડોદરા થી દાહોદ સુધી પહોંચ્યું


તસ્વીર : જયવીર સોલંકી, કાલોલ

ગોધરા,

તાજેતરમાં પેટ્રોલ-ડીઝલના વધતા જતાં ભાવોને લઈને ધંધા દારીયોની નવી યુક્તિ સામે પોલીસ મુક્ત પ્રેક્ષક કે શું ? વડોદરા થી દાહોદ હાઈવે પર ટ્રેક્ટરની ટોલીમાં પાણીનું ટેન્કર ભરી પસાર થતા આશ્ચર્ય જનક દ્રશ્યો જોવા મળી આવ્યા.

આર.ટી.ઓ. વિભાગ દ્વારા અલગ-અલગ રીતે પાર્સિંગ ના નિયમો લાગુ પડતા હોય છે. સામાન્ય રીતે જોવા જઈએ તો મોટાભાગના ટ્રેકટર ખેતીલાયક કામગીરી માટે ઉપયોગમાં લેવાતા ખેતીવિષયક પાર્સિંગ કરી આપવામાં આવતું હોય છે. જ્યારે કેટલાક ધંધાદારીઓ કાર્ટિંગના ધંધા માટે પણ ટ્રેકટરનો ઉપયોગ કરતા હોય છે. જેવા કે રેતી માફિયાઓ કન્સ્ટ્રકશન કામ કરતા કોન્ટ્રાક્ટરો માલસામાનની હેરાફેરી કરવા માટે મોટાભાગે ટ્રેક્ટરનો ઉપયોગ કરતા હોય છે. તાજેતરમાં પેટ્રોલ અને ડીઝલ જેવા ઈંધણોનોમાં ભાવો વધતા જતા હોવાને કારણે ટ્રેક્ટર માં ઉપયોગમાં લેવામાં આવતા ઈંધણ નો બચાવ કરવા માટે કોન્ટ્રાકટરો દ્વારા નવી નવી યુક્તિ અજમાવતા હોવાનું દ્રશ્ય બહાર આવ્યું છે. એક અજાણ્યા કોન્ટ્રાક્ટરના માણસો દ્વારા વડોદરા થી દાહોદ ટ્રેકટર ની ટોલીમાં પાણીનું ટેન્કર ભરી મુખ્ય હાઈ-વે પરથી પસાર થતું હતું. આ ટ્રેકટર ચાલક ને વડોદરા થી કાલોલ સુધી કોઈપણ પ્રકારનો આરટીઓ નિયમ લાગુ પડયો હોય તેમ લાગતો ન હતો ? કે પછી તેરી ભી ચૂપ મેરી ભી ચૂપ સાથે જતું કરવામાં આવ્યું હશે ? જોકે આવી ગંભીર પરિસ્થિતિ ને કાલોલની ટ્રાફિક પોલીસ દ્વારા કાલોલના શિશુમંદિર પાસે વાહન ચેકિંગ કરતા સમય દરમ્યાન હાઈવે ઉપરથી પસાર થતા ટ્રેકટરને અટકાવિને દંડની પાવતી આપી જતું કર્યું હતું. આશ્ચર્યની વાત તો એ છે કે વડોદરા થી દાહોદ સુધીના લાંબા રૂટ પર ટ્રેક્ટર માં ટેન્કર ભરી જવાના દ્રશ્યો સામે વડોદરા થી હાલોલ હાઈવે પરના ટ્રાફિક પોલીસ મુક્ત પ્રેક્ષક બના કે શું ? કે પછી મોટું માથું ધરાવતા કોન્ટ્રાકટરો સામે ટ્રાફિક પોલીસ આંખ આડા કાન કરી રહી છે ?

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.
- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઇઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

રાજેશકુમાર બાબુભાઈ પરમાર
મુ. ખાડાકુવા ફળીયું-પીપલોદ, તા. દે.બારીઆ

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.
- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઇઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

હંસાબેન જેઠાભાઈ ભરવાડ
મુ. માતાના વડ-પીપલોદ, તા. દે.બારીઆ

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.
- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઇઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

રાઠવા રમેશભાઈ ચંદ્રસિંહ
મુ. સાગટાળા-પટેલ ફળીયા, તા. દે.બારીઆ

# પંચમહાલ જિલ્લામાં રાષ્ટ્રીય એકતા દિનની ઉજવણી : અંતર્ગત વિવિધ સરકારી કચેરીઓમાં એકતા શપથ લેવાયા

ગોધરા,

સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતિ- ૩૧ ઓકટોબરના દિવસને દર વર્ષે રાષ્ટ્રીય એકતા દિવસતરીકે ઉજવણી કરવામાં આવે છે. આ ઉજવણીના ભાગરૂપે આજે પંચમહાલ જિલ્લાની વિવિધ સરકારી કચેરીઓનાં કર્મચારીઓ દ્વારા પોતાના કચેરી સ્થળે રાષ્ટ્રની એકતા, અખંડિતતા અને સુરક્ષા જાળવી રાખવા માટે સ્વયંને સમર્પિત કરવા રાષ્ટ્રીય એકતા દિવસના શપથ લેવામાં આવ્યા હતા. ગોધરા, કલેક્ટર કચેરી ખાતે જિલ્લા સમાહર્તા સુજલ મયાત્રાની આગેવાની હેઠળ વરિષ્ઠ અધિકારીઓ-કર્મચારીઓ શપથ ગ્રહણ કર્યા હતા. કલેક્ટર કચેરી પ્રાંગણમાં યોજાયેલ આ કાર્યક્રમમાં નિવાસી અધિક કલેક્ટર મહિપાલસિંહ ડી. ચુડાસમા દ્વારા અધિકારીઓ-કર્મચારીઓને રાષ્ટ્રની એકતા, અખંડિતતા અને સુરક્ષા સુનિશ્ચિત કરવા, દેશ માટે પોતાનું યોગદાન આપવાની પ્રતિજ્ઞા લેવડાવવામાં આવી હતી. આ કાર્યક્રમમાં ડેપ્યુટી કલેક્ટર અમિતા પારગી, મામલતદાર વિજય આંટિયા, અધિક ચિટનીસ ભરત દરજી, લીડ બેન્ક મેનેજર એસ.કે.રાવ સહિતના અધિકારીઓ તેમજ કર્મચારીઓ ઉત્સાહભેર સહભાગી થયા હતા. જિલ્લા વિકાસ અધિકારી અર્જુનસિંહ બી રાઠોડનાં વડપણ હેઠળ જિલ્લા પંચાયત ખાતે તેમજ પંચાયતની વિવિધ શાખાઓના અધિકારીઓ-કર્મચારીઓએ તેમજ નાયબ વનસંરક્ષક એમ. મીનાની અધ્યક્ષતામાં ડિએફઓ કચેરી ખાતે ફોરેસ્ટ કર્મીઓએ શપથ લીધા હતા આયોજન, આદિજાતિ વિકાસ, રમત-ગમત અધિકારીની કચેરી, પાણી પુરવઠા વિભાગ, નગર નિયોજકની કચેરી, એમજીવીસીએલ, પાનમ સિંચાઈ, સર્વે ભવન, લોકલ ફંડ ઓફિસ તેમજ જિલ્લાની વિવિધ નગરપાલિકાઓમાં પણ એકતા દિવસની ઉજવણી શપથ ગ્રહણ કરીને કરવામાં આવી હતી.